NATIONAL SENIOR CERTIFICATE EXAMINATION
NOVEMBER 2014

# GUJARATI FIRST ADDITIONAL LANGUAGE: PAPER I

Time: 2 hours | 80 marks

---

**PLEASE READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY**

1. This question paper consists of 7 pages. Please check that your question paper is complete.
2. Read the questions carefully.
3. Number your answers exactly as the questions are numbered.
4. It is in your own interest to write legibly and present your work neatly.

---

IEB Copyright © 2014

પ્રશ્ન–૧ નીચેનો ગદ્ય વાંચીને આપેલા પ્રશ્નોના યોગ્ય જવાબ લખો.

એક દિવસ રાજુબાએ મને અને અમુને બંનેને બાના <u>બચપણની</u> એક વાત કહી : ''નર્મદા ત્યારે નવદસ વર્ષની હશે, હું બહુ માંદી પડેલી. કોઈને આશા નહોતી કે હું જીવીશ. તમારા નાના તો હતાશ થઈને રડી પડેલા. એ દિવસમાં એક સંન્યાસી ભિક્ષા માગવા આવ્યો. નર્મદા એની ટેવ પ્રમાણે બંને મુઠ્ઠીઓમાં બાજરી ભરીને દોડી. એની ડોકમાં એક સોનાની સેર હતી. પેલા સાધુએ વાતવાતમાં ઘરની માંદગીની ખબર જાણી લીધી. તરસ્યો હતો કરીને છોકરી પાસે પાણી માંગ્યું. એ સાધુ શાનો કોઈ અવધૂત હતો. એણે નર્મદાને કહ્યું કે જો તારી સોનાની કંઠી આપી દે તો તારી મા તરત સાજી થઈ જાય એવી ઈશ્વરી ભસ્મ આપું. નર્મદાએ તો કંઠી ઉતારી આપી. અને પેલો સાધુ ચપટી રાખ આપીને ચાલતો થયો. છોકરીએ તો પેલી ભસ્મ લાવીને ચમચા પાણી વડે મારે ગળે ઉતારી દીધી. ભગવાનનું કરવું કે ત્યાર પછી વળતાં પાણી થયાં ને હું સાજી થઈ. આઠદસ દહાડે પેલી સોનાની સેર નર્મદાના ગળામાં દીઠી નહીં એટલે આખી વાત પકડાઈ ગઈ. છોકરીએ તો સાચેસાચું કહી દીધું. આખરે તમારા નાનાએ કહ્યું કે ''બળી કંઠી ગઈ તો ગઈ, તમે સાજાં થઈ ગયાં એટલે બસ. નર્મદા તું ગભરાઈશ નહીં, બેટા.'' આ આવી હતી તમારી બા. ''જો જે અમુ. તું આવું કંઈ ના કરતી.''

તે દિવસે સાંજે અમે મોસાળથી બન્ને જણાં પાછાં ઘેર આવ્યાં ત્યારે અમુએ તરત જ બાને કહ્યું: ''બા, મારા ગળામાંથી કંઠી કાઢી લે. નહીં તો હું કોઈ સાધુને આપી દઈશ.'' બા પહેલાં તો અમુનો ધડાકો સમજી જ નહીં. એ તો મેં બધી વાત કહી ત્યારે એ હસી પડી ને અમુને અનેક બચ્ચીઓનું ઇનામ મળ્યું. બા મને પકડવા આવી ત્યારે બંદા તો પોબારા ગણી ગયા.

IEB Copyright © 2014

અમુને પાંચીકાનો બહુ શોખ. એ રમત પાછળ એ ગાંડી. કલાકોના કલાકો એ રમતાં થાકે નહીં અને રમવામાં પણ એક્કો. એ વખતે અમારા ફળિયામાં એક રાજસ્થાની કુટુંબ અમારા બીજા ઘરમાં ભાડે રહેતું. એના વડીલ ભેરવકાકા રાજમહેલમાં કામે જતા. આરસપહાણ ટાંકવામાં એમની જોડી નહીં. ટાંકણું તો જાણે એમનું બાળક અને હથોડી જાણે એમની દાસી. એ ભેરવકાકા એક દિવસ બાને માટે આરસનો સુંદર ખલ લઈ આવ્યા. બા તો રાજીરાજી થઈ ગઈ. તે જ વખતે અમુએ ભેરવકાકાનો હાથ પકડીને આરસના પાંચીકા લાવી આપવાનું વચન લઈ લીધું. બીજે દિવસે સાંજે અમુના સુંદર કૂકા આવી ગયા. બસ ત્યારથી ફળિયાની છોકરીઓમાં અમુનું નામ થઈ ગયું એટલું જ નહિ, એની આબરૂની મહત્તાય વધી ગઈ.

ધીરેધીરે અમુએ રમીરમીને આરસના કૂકાને વધારે સુંવાળા અને ચળકતા બનાવી દીધા. એ કૂકા તો જાણે એનો પ્રાણ અને પાંચીકાએ તે રમે પણ કેવી ! એક વાર એની ચાર-પાંચ બહેનપણી સાથે એ અમારા ઓટલા પર કૂકા રમવા બેઠેલી. બીજી છોકરીઓના કૂકા તો થોડે જ ઊંચે ઊછળે અને એમાંય ચૂકી જવાય. પણ અમુનો દાવ આવ્યો કે થઈ રહ્યું! એનો કૂકો બહુ ઊંચો ઊછળે અને કૂકાની સાથે એની આંખની કીકી ઊંચે ચઢે. કૂકા સાથે પાછી દૃષ્ટિ નીચે ઊતરે. એક તો અમુની આંખો જ ચબરાક. તેમાં આ કૂકાની રમતે એને વધારે અણિયાળી બનાવેલી. એ ગુસ્સે થાય ત્યારે એની ભમરો એવી ચઢે કે બા બિચારી તરત નમતું મૂકી દે. અમુને એના આરસના કૂકા અતિશય વહાલા. એને નવ વરસ પૂરાં થયાં ને દસમી વરસગાંઠ આવી ત્યારે બા પાસે અમુએ પોતાના કૂકા માટે મશરૂની કોથળી કરાવેલી. કૂકા તો અમુનું અમૂલ્ય ઘરેણું. એની મોંઘી મિલકત.

IEB Copyright © 2013

**<u>અઘરાં શબ્દો:</u>**

હતાશ = નિરાશ પાંચીકા = રમવા માટેના ખાસ પથ્થર

અવધૂત = બાવો ટાંકણું = ટાંકવાનું સાધન

પોબારા ગણી ગયા = દોડીને ભાગી જવું

૧.૧ રાજુબાએ લેખકને અને અમુને બાના બચપણની કઇ વાત કહી? (4)

૧.૨ ભસ્મ પાયા પછી શું થયું ? (2)

૧.૩ છેવટે આખી વાત કેવી રીતે પકડાઇ ગઇ ? (3)

૧.૪ તે દિવસે સાંજે મોસાળથી બંને જણા પાછા ઘેર આવ્યા ત્યારે અમુએ તરત જ બાને શું કહ્યું ? (3)

૧.૫ અમુને શું રમવાનો શોખ હતો ? (2)

૧.૬ ભેરવકાકા શું કામ કરતા ? એક દિવસ બાને માટે તેઓ શું લઇ આવ્યા ? (3)

૧.૭ અમુએ તેમની પાસે શું લાવી આપવાનું વચન લઇ લીધું ? (2)

૧.૮ અમુ પાંચીકા કેવી રીતે રમતી એ તમારા શબ્દોમાં જણાવો. (4)

૧.૯ દસમી વરસગાંઠે અમુએ બા પાસે શું કરાવ્યું ? (2)

૧.૧૦ પૂર્વાપર સંબંધ આપી સમજાવો.

(કોણ બોલે છે , કોને કહે છે .કયારે કહે છે અને શા માટે કહે છે)

“બા મારા ગળામાંથી સોનાની કંઠી કાઢી લે ” (5)

**[30]**

પ્રશ્ન–૨ નીચે આપેલો ફકરો વાંચી સંક્ષેપલેખનકરો.
(આઠ થી દસ વાકયો)

જીવન કેવું વિચિત્ર છે ? આપણા પોતાના કે બીજા કેટલાકના અનુભવોને સાચા માનીને, જીવન એટલે આ કે જીવન એટલે તે એવો સિદ્ધાંત નક્કી કરવા જઇએ કે તરત આપણા પોતાના ને બીજાના પણ અનેકનાં એવાં અનુભવો આપણી સામે ઊભા થઇ જતા હોય છે, જે પેલા સિદ્ધાંતોને ખોટા ઠેરવતા હોય. "સત્ય મેવ જયતે" ને યાદ કરીએ ત્યાં તરત જ ખડી થઇ જતી હોય છે લંગાર, સત્યાસત્યની પરવા કર્યા વિના, પડે તેવા દીધે રાખીને, ઊંચે આસને ચડીને ચીટકી બેસનારાઓની. સત્ય, ન્યાય, નીતિ, પ્રામાણિકતા, સિદ્ધાંતનિષ્ઠાઃ આ બધાંનું ગૌરવ તેટલું ગાવામાં આવે પણ માત્ર વ્યવહારના જગતમાં ખરેખર શી કિંમત છે એમની ? ત્યાં તો ફાવ્યા જ વખણાતા હોય છે ને જે કોઇએ આર્થિક, રાજકીય, સામાજિક, કોઇ પણ ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરી હોય તેનો જ વાગતો હોય છે ડંકો! એ સફળતા તેણે કયે માર્ગે, કઇ રીતે પ્રાપ્ત કરી તે જોવા કોણ બેસે છે આ દુનિયામાં ? સફળતા જ, ખરું કહીએ તો, છે દુનિયાનું ઉપાસ્ય દૈવત. ને એને માટેનાં સાધનોની શુદ્ધિ કે અશુદ્ધિનો વિચાર કરનાર ગણાતા હોય છે વેદિયા ને ફેંકાઇ જતા હોય છે એક તરફ.

**[10]**

IEB Copyright © 2013

પ્રશ્ન–૩

અ. નીચે આપેલી જાહેરખબર વાંચી પૂછેલા પ્રશ્નોના જવાબ આપો.




| | | |
|---|---|---|
| ૩.૧ | આ શાની જાહેરખબર છે ? | (3) |
| ૩.૨ | સૌથી નીચે શું સંદેશ છે ? | (4) |
| ૩.૩ | આ ચિત્ર માં શું શું છે,આપેલ ચિત્રોનું લીસ્ટ બનાવો. | (3) |
| ૩.૪ | આ જાહેર ખબર કઇ કંપનીની છે ? | (3) |
| ૩.૫ | આ વસ્તુનો ઉપયોગ શેમાં થાય છે ? | (4) |
| ૩.૬ | આ જાહેરખબરમાં તમને શું ગમ્યું છે ? | (3) |
| | | **[20]** |

બ. નીચે આપેલા ચિત્રનું તમારા શબ્દોમાં પાંચ થી સાત લીટીમાં વર્ણન કરો.

**Prahlad A boy of courage, devotion**



**[20]**

**Total: 80 marks**

IEB Copyright © 2014